**બઢતી માટેની કોમન ખાતાકીય પરીક્ષાના ખાતાકીય પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૫/૧૦૩૦/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૯/૯/૨૦૧૫

**<u>વંચાણે લીધાઃ-</u>**

સામાન્ય વહીવટ વિભાગની તા.૩૧/૩/૨૦૧૫ ની અધિસુચના ક્રમાંકઃજીએસ/૨૦૧૫/૧૨-એ/ કેટીપી/૧૦૨૦૧૪/૧૫૦૯/ક

**<u>આમુખઃ-</u>**

સામાન્ય વહીવટ વિભાગની તા.૩૧/૩/૨૦૧૫ ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો-૨૦૧૫ ઘડવામાં આવેલ છે. સદર જાહેરનામાથી દરેક વિભાગ હસ્તકની કચેરીના જુનીયર કલાર્કની જગ્યાએથી અને સિનીયર કલાર્કની જગ્યાએથી હેડકલાર્કની જગ્યાએ બઢતી માટેના ખાતાકીય પરીક્ષાના નિયમો તથા પ્રશ્નપત્ર-૧ થી ૪ નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. જાહેરનામાની જોગવાઇઓ અન્વયે જુનીયર કલાર્કની જગ્યાએથી અને સિનીયર કલાર્કની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તરનો અભ્યાસક્રમ તથા સિનીયર કલાર્કમાંથી હેડકલાર્કની જગ્યાએ બઢતી માટે ઉચ્ચસ્તરનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે તથા નિમ્નસ્તર અને ઉચ્ચસ્તરની પરીક્ષાઓ માટે પ્રશ્નપત્ર-૧ થી ૪ નો એક સમાન્ય અભ્યાસક્રમ અલગ-અલગ વિષયવાર નિર્ધારિત કરવામાં આવેલ છે. દરેક વિભાગ હસ્તકની કચેરીઓની કામગીરીને ધ્યાને લઇ નિમ્નસ્તર તથા ઉચ્ચસ્તરની પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર-૫ સંબંધિત કચેરી/ખાતાની કામગીરી અને તે અંગે ઘડવામાં આવેલ એક્ટ અને નિયમો તથા તેની પ્રવૃત્તિઓને લગતું રાખવાનું થાય છે, જેમાં સંબંધિત કચેરીની ખાતાકીય કામગીરીનો સમાવેશ થાય તે જરૂરી છે.

આથી, ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૩/૨૦૧૫ ના જાહેરનામાથી ઘડાયેલ ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો હેઠળના એપેન્ડીક્ષ-બીના ભાગ-૧ અને ભાગ-૨ ના પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ નીચે પ્રમાણે નિયત કરવામાં આવે છે.

(૧) જુનીયર કારકુનમાંથી સિનીયર કારકુનની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તર ખાતાકીય પરીક્ષા (Lower Level Departmental Exam) ના પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ આ સાથે રાખેલ એપેન્ડીક્ષ-એ મુજબનો રહેશે.

(૨) સિનીયર કારકુનમાંથી મુખ્ય કારકુનની જગ્યાએ બઢતી માટે ઉચ્ચ સ્તર ખાતાકીય પરીક્ષા (Higher Level Departmental Exam) ના પ્રશ્નપત્ર–૫ નો અભ્યાસક્રમ આ સાથે રાખેલ એપેન્ડીક્ષ–બી મુજબનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અ.મુ.સ.શ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ~~ના અંગત સચિવશ્રી,~~ સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- સ્પે.નિયામશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

ગૃહ વિભાગના તા.૯/૯/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૫/૧૦૩૦/ફ નું બિડાણ.

## એપેન્ડીક્ષ-એ

| નિમ્નકક્ષા પરીક્ષા | | |
|---|---|---|
| ક્રમ | વિગત | માર્કસ |
| ૧ | મુંબઇ હોમગાર્ડઝ રૂલ્સ-૧૯૫૩ | ૨૦ |
| ૨ | ભારત સરકારના હોમગાર્ડઝ કોમ્પેડીયમ ઓફ ઇન્સ્ટ્રકશન-૨૦૦૭ ના ચેપ્ટર નં-૧,૩,૯,૧૦ | ૨૫ |
| ૩ | હોમગાર્ડઝ જવાનોની ભરતી પ્રક્રીયા તથા બઢતી માટેના NCO રેન્ક ટેસ્ટની વિગતો | ૨૫ |
| ૪ | હોમગાર્ડઝ વેલ્ફર ફંડ | ૧૫ |
| ૫ | ગ્રામરક્ષક દળમાં ભરતી તથા ફરજો અંગે ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૬૩-ખ અંતર્ગત ગ્રામરક્ષક દળની રચના | ૧૫ |
| | **કુલ માર્કસ** | **૧૦૦** |

## એપેન્ડીક્ષ-બી

| ઉચ્ચકક્ષા પરીક્ષા | | |
|---|---|---|
| ક્રમ | વિગત | માર્કસ |
| ૧ | ગુજરાત હોમગાર્ડઝ એક્ટ-૧૯૪૭ | ૧૫ |
| ૨ | નાગરિક સંરક્ષણ અધિનિયમ-૧૯૬૮<br>નાગરિક સંરક્ષણ નિયમો અને વિનિયમો-૧૯૬૮ | ૨૦ |
| ૩ | ભારત સરકારના હોમગાર્ડઝ કોમ્પેડીયમ ઓફ ઇન્સ્ટ્રકશન-૨૦૦૭ ના ચેપ્ટર નં-૨,૪,૫,૭ | ૧૫ |
| ૪ | હોમગાર્ડઝ જવાનોની ભરતી પ્રક્રીયા તથા બઢતી માટેના NCO રેન્ક ટેસ્ટની વિગતો | ૧૫ |
| ૫ | હોમગાર્ડઝ વેલ્ફર ફંડ અને બેનેવોલેન્ટ ફંડ તથા એક્સગ્રેસીયા સહાય | ૧૫ |
| ૬ | હોમગાર્ડઝના ભથ્થા | ૦૫ |
| ૭ | હોમગાર્ડઝ દળ , ગ્રામરક્ષક દળ તથા નાગરિક સંરક્ષણ દળના અધિકારી/કર્મચારી તથા માનદ સભ્યો/જવાનોની પ્રશંસનીય કામગીરી બદલ મળવાપાત્ર મહામહિમ રાષ્ટ્રપતિ મેડલ, મહામહિમ રાજ્યપાલ તથા માન.મુખ્યમંત્રીશ્રીના મેડલ તથા રોકડ પુરસ્કાર | ૧૦ |
| ૮ | મોટર વાહન-માસિક સિલીંગ તથા વાહન કંડમ કરવા અંગેના નિયમો | ૦૫ |
| | **કુલ માર્કસ** | **૧૦૦** |

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ